# પોલીસ કોન્સ્ટેબલ

પોલીસ કોન્સ્ટેબલ એ સૌથી નીચે, પાયાના સ્તર પર કાર્ય કરતા પોલીસ કર્મચારી છે. તેઓ તેમના બીટમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જવાબદાર છે. તેઓ  સમન્સ અને વોરંટ બજાવે છે, ગુનેગારોની ધરપકડ કરે છે, ટ્રાફિકને નિયંત્રિત કરે છે અને મહત્વપૂર્ણ સરકારી સંસ્થાઓ અને મિલકતની રક્ષા કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સાવચેતીપૂર્વક અને આયોજનબદ્ધ રીતે કામ કરનાર વ્યક્તિ છો
- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૬૪૦ થી ૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈ પણ વિષય સાથે સ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

કોઈ પણ વિષયમાં ડિપ્લોમા પૂર્ણ કરો

૩. જાહેર સેવા આયોગ દ્વારા યોજાતી તમારા રાજ્યની પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

પોલીસ કોન્સ્ટેબલનું માસિક વેતન

**રૂ. ૧૬,૦૦૦ થી ૫૩,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Constable/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રાજ્ય સરકાર

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ફિલ્ડ જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી આ કામગીરીનો મહત્વપૂર્ણ હિસ્સો છે. પોલીસ સ્ટેશનો સામાન્ય રીતે અઠવાડિયાના ૭ દિવસ અને દરરોજ ૨૪ કલાક કામ કરે છે. આ પોલીસ સ્ટેશન મુજબ તેમાં ફેરફાર હોઈ શકે છે. સંભવ છે કે તમે શિફ્ટમાં કામ કરશો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પોલીસ કોન્સ્ટેબલ → સિનિયર પોલીસ કોન્સ્ટેબલ → હેડકોન્સ્ટેબલ → આસિસ્ટન્ટ સબ → સબ ઈન્સ્પેક્ટર → પોલીસ ઈન્સ્પેક્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

કોન્સ્ટેબલ **મીના ઘોડકે** મહારાષ્ટ્રના બીડની રહેવાસી છે. હાલમાં તે જિલ્લા માનવ તસ્કરી વિરોધી યુનિટમાં કામગીરી બજાવે છે. ઘોડકે તેના ગામની પ્રથમ વ્યક્તિ છે જે તેના ગામમાં કોન્સ્ટેબલના પદ પર પહોંચી છે. જીવનમાં કંઈક કરવાની ઈચ્છા સાથે, તેણીએ ધોરણ ૧૨ પૂર્ણ કર્યા પછી પોલીસ ભરતીની પરીક્ષા આપી.*

સ્ત્રોત:https://www.reuters.com/article/us-india-women-police-idUSKCN1TZ1ZZ

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પોલીસ કોન્સ્ટેબલ એક્ઝામ, પોલીસ કોન્સ્ટેબલ